વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ માર્ચ, ૨૦૨૩ Vol. 17 No. 3

## ‘રમણભ્રમણ’ સુવર્ણચંદ્રકથી આભુષીત થનારા ડૉ. સુષ્મા ઐય્યર



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com** પર જાઓ.

# કોઈક અલૌકક શકતી વીષે થોડાક પ્રશ્નો

**એન. વી. ચાવડા**

આપણા અનેક વીદ્વાન મહાનુભાવો એવું બોલતા કે લખતા માલુમ પડે છે કે જગતમાં કોઈક અલૌકીક શકતી તો છે જ. કેટલાંક વળી એવું કહેતા સંભળાય છે કે આ સૃષ્ટી રચનાની પાછળ 'કંઈક' તો છે જ. કોઈક દીવ્ય શકતીનો હાથ તો છે જ, ઈત્યાદી...

ચાલો, માની લીધું છે કે એવી કોઈ દીવ્ય શકતી છે, પરંતુ ત્યાર પછી જે પ્રશ્નો ઉભા થાય છે, તેનું સંતોષકારક સમાધાન ન થાય તો પણ તે દીવ્ય શકતી છે જ એવી માન્યતા વીષે આપણે પુનઃ વીચારણા કરવા માટે તૈયાર ન થઈ શકતા હોઈએ તો શું એવી આપણી માનસીકતા પલાયનવાદી યા પોતાની જાત સાથેની છેતરપીંડી નથી ? અથવા, એ આપણી કાયરતા નથી ?

કોઈને અહીં દલીલ કરવાનું અવશ્ય મન થશે કે, 'એવા કયા પ્રશ્નો ઉભા થાય છે કે જેથી આ દીવ્ય શકતીના અસ્તીત્વ અંગે પુનઃ વીચારણા કરવાની આવશ્યકતા ઉભી થાય છે ? એવા પ્રશ્નકર્તાની વીચારણા માટે હું અહીં કેટલાંક પ્રશ્નો રજુ કરું છું.

માત્ર માનવ સમાજની જ વાત કરીએ તો તેની અર્ધી વસ્તી એવી સ્ત્રીઓ આ અલૌકીક કહેવાતી શકતીની ઉપસ્થીતીમાં કાયમ અસલામત, શોષીત, પીડીત, ભયભીત અને આશંકીત કેમ ? દેશના કોઈ ખુણે તે નીર્ભય તો નથી જ, પરંતુ તે પોતાની માતાના ઉદરમાં પણ નીર્ભય અને સલામત કેમ નથી ? એની સગી માતા એની નીર્દયતાથી અને નીર્લજ્જતાથી ભ્રુણહત્યા કેમ કરી નાંખે છે ? અકસ્માતે એ બચી જાય તો એની પાંચ વર્ષની માસુમ અને નીર્દોષ ઉંમરે કોઈ નરાધમ દ્વારા તેના પર પાશવી બળાત્કાર થાય છે, ત્યારે આ અલૌકીક શકતી કયાં અલોપ થઈ જતી હશે ? કીશોરીઓ અને યુવતીઓનાં અપહરણ થાય છે, અને ગુજરાતની કન્યાઓ હરીયાણામાં વેચાય છે, તેને ગમે તેની રખાત બની જીંદગી વેંઢારવી પડે છે. વેશ્યા અને દેવદાસી બનીને સ્થાપીત હીતોના હવસનો શીકાર નીત્ય બનતા રહેવું પડે છે. આવા તો અનેક અગણીત અત્યાચારો હજારો વર્ષથી તેના પર અવીરતપણે ચાલી રહયા છે, જેને ગણતા કદી પાર આવે એમ નથી. આ તો અર્ધા સમાજની જ વાત થઈ. ગરીબો, દલીતો, આદીવાસીઓ અને અન્ય પછાત વર્ગો પરના આવા અત્યાચારોની પણ કોઈ સીમા નથી. આ સંજોગોમાં એની પુજા-બંદગી કરવાની તો ઠીક, એને યાદ કરવાની પણ આવશ્યકતા કયાં ઉભી થાય છે ? કારણ કે અહીં જે કંઈ સુધારા કે પરીવર્તનો થાય છે તે તો માણસ દ્વારા જ થાય છે.. આ સંજોગોમાં અલૌકીક શકતીનું અસ્તીત્વ હોવાની ધારણા તદ્દન મીથ્યા અને હાસ્યાસ્પદ છે.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા ઐય્યર

મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ માર્ચ, ૨૦૨૩ | સળંગ અંક : ૩૭૬ | Vol. 17 No. 3

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભુષીત થનારા ડો. સુષ્મા ઐય્યર

**–સુર્યકાન્ત શાહ**

સત્યશોધક સભા એક વર્ષે સુરત અને આજુબાજુના વીસ્તારમાં રેશનાલીઝમના ક્ષેત્રે પ્રદાન કરનારને અને બીજા વર્ષે તે સીવાયના વીસ્તારના રેશનાલીસ્ટોને 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભુષીત કરે છે. આ વર્ષે સુરત વીસ્તારના ડો. સુષ્મા ઐય્યરને આભુષીત કરવાનો નીર્ણય સભાના કારોબારીએ લીધો છે. ડો. સુષ્માએ સુરત ઉપરાંત બહારના વીસ્તારોમાં પણ રેશનાલીઝમને લગતી અનેક પ્રવૃત્તીઓ કરી છે. રેશનાલીઝમના ક્ષેત્રે અમારા જેવા કાર્યરત લોકોના મોટા ભાગના શરુઆતમાં શ્રદ્ધા અને પરંપરાથી રંગાયેલા હતા. ડો. સુષ્માનું એવું નથી. એમનાં માતા-પીતા અને પછી એમના શ્વસુરગૃહે બધા જ રેશનાલીસ્ટ હતા અને છે. તેઓ પરંપરા અને શ્રદ્ધામાં માનતા નહોતા, અને માનતા નથી આથી જવલ્લે જ મળતા આજન્મ રેશનાલીસ્ટોમાં ડો. સુષ્મા સ્થાન ધરાવે છે.

એવું પણ બને છે કે ખાસ કરીને સમાજના વીરોધને કારણે કેટલાક રેશનાલીસ્ટો ઈચ્છા-અનીચ્છાએ પુનઃ શ્રદ્ધાળુ બની જાય છે.ડો. સુષ્મા આ સંવર્ગમાં પણ આવતા નથી. તેઓશ્રી, એમના પતી ડો. પ્રદીપભાઈ અને એમનાં સંતાનો બધાં જ રેશનાલીસ્ટો છે. આથી

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

આપણી વચ્ચે એક એવું કુટુંબ છે કે જેમાં ત્રણ પેઢીથી રેશનાલીઝમને જીવન-સ્થાન મળ્યું છે ! વ્યવસાયે તેઓશ્રી તો વૈજ્ઞાનીક એવી એલોપથીના ડોકટર છે જ. એમના પતી અને સંતાનો પણ ડોકટર છે. આથી આ આખા કુટુંબને ડગલે ને પગલે શ્રદ્ધા, વહેમ અને નુકસાનકારક રુઢીઓના ભોગ બનેલા અનેક દર્દીઓ મળે છે. એમને  નીરોગી બનાવવાનું ભગીરથી કાર્ય આ આખું કુટુંબ સહજતાથી કરે છે.

સત્યશોધક સભામાં તેઓ દાયકાઓથી પ્રવૃત્ત છે. સંસ્થાનાં નાનાં-મોટાં કામ તેઓ અને ડો. પ્રદીપભાઈ સતત કરતાં રહે છે. કેટલીયે વાર એમની હોસ્પીટલમાં સત્યશોધક સભાની મીટીંગો, કાર્યક્રમો અને બેઠકો યોજવાની એમણે સગવડ કરી આપી છે. તેઓશ્રી જે મંડળો  અને જુથો સાથે સંકળાયેલા છે તેમાં સતત રેશનાલીઝમના પ્રચાર-પ્રસારના કાર્યક્રમો યોજતા રહે છે. અંધશ્રદ્ધા, શ્રદ્ધા અને વહેમની વીરુદ્ધ તેઓ સતત ઝુંબેશ ચલાવે છે. સત્યશોધક સભાના તેઓ અગ્રણી કાર્યકર છે. આથી જ તેઓ આ વર્ષે 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકના વાજબી રીતે હકદાર બન્યા છે. સભાની કારોબારીએ એમના આ હકનો સ્વીકાર કર્યો છે. મારા તરફથી, સંસ્થાના પેટ્રન ડો. બી. એ. પરીખ તરફથી અને કારોબારી તરફથી એમને દીલી અભીનંદન. સાથે સાથે એ અપેક્ષા કે તેઓશ્રી આજીવન હજી વધારે ને વધારે રેશનાલીઝમ સંબંધીત પ્રવૃત્તીઓ કરતા રહે. આમ કરીને સમાજને વધુ સ્વસ્થ અને આનંદમય બનાવવામાં તેઓ ફાળો આપતા જ રહેશે એ શુભેચ્છા.

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# શીક્ષણ સંસ્થાઓમાં યજ્ઞ કે જ્ઞાનયજ્ઞ ?

**–તંત્રી લેખ**

પ્રાચીન સમયમાં શીક્ષણ માટે આશ્રમ શાળા ગુરુકુળની પરંપરા હતી જેમાં શીષ્યો વર્ષો સુધી ગુરુની દેખરેખ હેઠળ અભ્યાસ કરતા. બાળકોને જીવનમુલ્યો સાથે સર્વાંગી શક્ષણની આ પ્રથામાં ઘણી સારી બાબતોમાં કેટલીક અંધશ્રદ્ધાપ્રેરક પ્રવૃત્તીઓ પણ થતી. આજની શીક્ષણ પ્રથામાં આવી પ્રવૃત્તીઓ સાથે કોઈ સીધો સંબંધ નથી રહયો. આમ છતાં હજુ શાળાઓમાં કથાઓ, હવન વગેરે થવાના સમાચાર જાણવા મળે છે. થોડા દીવસો પહેલા જ મઢી-વાત્સલ્યધામ ખાતે આશ્રમ શાળામાં અભ્યાસ કરતી વીદ્યાર્થીની બીમાર પડતાં તેને દવાખાને લઈ જવાને બદલે ભુવાને આશ્રમ શાળામાં બોલાવી તેની સારવાર કરાવી હતી અને શાળાની તમામ વીદ્યાર્થીનીઓને દોરા બાંધવામાં આવ્યા હતા !

આજના અતી ઝડપી પરીવર્તનના યુગમાં પણ આવી ઘટના બને તે ઘણું અજુગતું લાગે છે.

સામાજીક, ઔદ્યોગીક જેવાં અનેક ક્ષેત્રોમાં ગુજરાત નં. ૧ છે, પણ શીક્ષણ ગુણવત્તા ઈન્ડેક્ષમાં ગુજરાત દેશમાં ૭ માં ક્રમે છે. શાળાઓમાં શીક્ષણ સુધારણા માટે ખરેખર જે પ્રવૃત્તીઓ થવી જેઈએ તે થાય છે કે તે જોવાની પણ આજના સમયે ખાસ આવશ્યક છે. શીક્ષણમાં ગુજરાત પાછળ છે. તેનું મૂળ કારણ બેઝીક નોલેજનો અભાવ છે. ધો. ૧૦માં ભણતા વીદ્યાર્થીઓનું ગણીતમાં સામાન્ય જ્ઞાન ૩૨% છે અને વીજ્ઞાનમાં ૭૯% છે, તેવું એક સર્વેમાં જાણવા મળ્યું છે. શાળામાં અન્ય યજ્ઞોને બદલે ગણીત-વીજ્ઞાન-સામાન્યજ્ઞાન યજ્ઞ કરવાની જરુરત છે.

સામાન્ય રીતે કુરીવાજોનું પ્રમાણ ભાઈઓ કરતાં બહેનોમાં વધુ પ્રમાણમાં હોય છે. દીકરીઓને વીજ્ઞાન શીક્ષણ તરફ વાળવામાં આવે તો અંધશ્રદ્ધાનો ઈન્ડેક્ષ નીચે આવી શકે તેમ લાગે છે, જો કે છેલ્લા બે દાયકામાં સાયન્સ ટેકનોલોજી, એન્જીનીયરીંગ અને રીસર્ચમાં મહીલાઓની સંખ્યા સતત વધી રહી છે. જેમાં ૨૦૧૫ થી ૨૦૧૮ સુધીના એક સર્વેમાં ૪%નો વધારો થયો હતો. આજે ૧૮.૭%થી વધુ મહીલાઓ વીજ્ઞાનના ક્ષેત્રે આગળ વધી છે ત્યારે આવનારા સમયમાં રેશનાલીઝમની વીચારધારા સમાજમાં વધુ સરળતાથી સ્વીકૃત બને તેવી શકયતા છે.

# હોકીંગનું આંકડાશાસ્ત્ર

ગણીત એક બીંદુ અને પુરી ચોકસાઈ પર ઉભુ રહેલું વીજ્ઞાન છે. ૨ + ૨ = ૪ જ થાય. આ ચારના બીંદુ અને સરવાળાના જવાબની આડેજાઈ ગણીતશાસ્ત્રની ઓળખાણ છે. આંકડાશાસ્ત્ર વીસ્તાર (Range) અને સંભીવતતા પર ઉભુ રહેલું વીજ્ઞાન છે. દશ માણસોના કુટુંબમાં સરેરાશ વય પાંત્રીસ વર્ષની છે, જે દશ અને પાંસઠ વર્ષના વીસ્તારમાં છે. એવું બને કે એ કુટુંબમાં કોઈની પણ ઉંમર પાંત્રીસની નહીં હોય ! આ પાંત્રીસની સરેરાશ એક સંભવીતતા છે.

આવું જ કોઈક હોકીંગ પૃથ્વીની બહાર જીવ હોવા વીશે વીચારે છે. સુર્યમંડળની બહારના જે તારા છે એમાંના ઘણાંની આસપાસ ગ્રહો ઘુમે છે. હમણાં આપણી પાસે જે સાધનો છે તે થકી આપણે એવા ઘુમતા ગ્રહોમાં જેમનું કદ ગુરુ કે શની જેટલું મોટું છે તેને જોઈ શકયા છીએ, ભલે એનાથી નાના જોઈ શકાતા નહીં હોય પણ લગભગ પૃથ્વી જેટલા કે થોડાં નાના-મોટા કદવાળા ગ્રહો હોવાની સંભવીતતા નકારી કાઢી શકાય નહી ! ગોષ્ઠીલોક વીસ્તારથી ઓળખાતા ખગોળીય ક્ષેત્રમાં આવા જે ગ્રહો હશે તેમનું અંતર એમના તારાથી એટલું હોવાની સાંવીતતા છે કે જેથી તે ગ્રહ ઉપર પાણીનું સર્જન થયું હોય. પૃથ્વીથી આડત્રીસ પ્રકાશ-વર્ષ દુર એવા આ વીસ્તારમાં હજારેક તારા છે. આ તારાના ગ્રહોનાં એક ટકા જેટલા ગ્રહો પણ જો પૃથ્વીના કદના હોય અને પૃથ્વી-સુર્ય જેટલું જ અંતર એ તારા-ગ્રહનું હોય તો આપણે કહી શકીએ કે આ ગોષ્ઠીલોક ખગોળીય વીસ્તારમાં જ પાણી ધરાવતા દશ ગ્રહ તો હોય જ ! ભલે અત્યારની આપણી ટેકનોલોજી આ ગ્રહો સુધી લઈ જવા માટે સક્ષમ નહીં હોય, પરંતુ આવતા ૨૦૦-૫૦૦ વર્ષમાં આપણે ભેજાબાજ માણસો એવું કંઈક શોધી જ કાઢીશું જે આપણને (૧) એવા ગ્રહ છે કે નહીં તે કહી આપશે. (૨) એમાંના કેટલા ગ્રહ પર પાણી છે કે નહીં તે પણ કહી આપશે. (૩) પાણી હોવાથી ત્યાં બુદ્ધી ધરાવતા કે બુદ્ધી વીનાના જીવ (માણસ નહીં !) છે કે કેમ તે કહી આપશે. આમ હોકીંગનું આંકડાશાસ્ત્ર વૈજ્ઞાનીક ઢબે સુચવે છે કે અન્ય કોઈને કોઈ ગ્રહ પર જીવન હશે. બુદ્ધી પોતે એક આગવો પદાર્થ છે. આથી તે એ જીવમાં હશે કે કેમ તે કહી શકાય નહીં. એ તો એ જીવને મળવાનું થાય ત્યારે ખબર પડે !

# દયાનંદનો ન્યાય !

ભાવેશ મેરજા સંપાદીત અને અનુવાદીત દયાનંદ સરસ્વતીના ‘સત્યાર્થ પ્રકાશક’માં દયાનંદ સરસ્વતી વ્યકતી વ્યકતીએ ભીન્ન ભીન્ન સુખ-દુઃખનું કારણ ઈશ્વરે તોલેલો ન્યાય હોવાનું જણાવ્યું છે. તદ્ન અવાસ્તવીક એવા ઈશ્વર, ખુદા કે ગોડની ‘સર્વશકતીમાન’ હોવાની દયાનંદે આપેલી એક વીચીત્ર વ્યાખ્યા : જે પોતાનાં કાર્ય કરવામાં કોઈ બીજાની મદદની લેશમાત્ર પણ ઈચ્છા નથી કરતો, અને પોતાના જ સામર્થ્યથી પોતાનાં સર્વ કામ પૂરાં કરે છે, એટલા માટે તે પરમાત્માનું નામ ‘સર્વશકતીમાન’ છે.’ જંગલમાં વાઘ જેવા પ્રાણીઓની જીવનચર્ચા આ વ્યાખ્યામાં તદ્ન બંધબેસતી થાય છે. એનો અર્થ એ છે કે આપણી આજુબાજુ સદેહે દેખાતા અસંખ્ય પરમાત્માઓ છે ! દયાનંદ તો એનાથી આગળ વધીને એને ન્યાયાધીશ પણ બતાવે છે ! દયાનંદ સાથે સાથે ઈશ્વરને દયાળુ બતાવવાનો પણ પ્રયત્ન કરે છે. દયા અને ન્યાય વચ્ચે ઘણો તફાવત છે, છતાં મારી-મચડીને દયાનંદ ઈશ્વરને દયાળુ અને ન્યાયીક બન્ને હોવાનો હાસ્યાસ્પદ પ્રયત્ન કરે છે. તેઓ જણાવે છે કે, ‘ઈશ્વરની પુર્ણ દયા એ છે કે તેણે સર્વ જીવોમાં પ્રયોજન સીદ્ધ થઈ શકે એ માટે જગતમાં પદાર્થો ઉત્પન્ન કરીને દાનમાં આપી રાખ્યા છે. આનાથી મોટી દયાની બીજી વાત શી હોઈ શકે ? જગતમાં ન્યાયનું ફળ પ્રત્યક્ષ દેખાય છે : સુખદુખની વ્યવસ્થા, અધીકતા અને ન્યુનતાથી ફળને પ્રકાશીત કરી રહી છે.’ પાદનોંધમાં આની સમજુતી આપવામાં આવી છે, ‘એટલે કે કોઈને અધીક દુઃખ અને કોઈને ન્યુન દુઃખ એવા પ્રકારની જે વ્યવસ્થા જોવામાં આવે છે, એ જ ન્યાયનું પ્રત્યક્ષ ફળ છે.’ દયાનંદે પોતે જ પેદા કરેલા દયા અને ન્યાયના અર્થઘટનમાં જે ગોટાળા કર્યા છે તેને આગળ વધારતા તેઓ જણાવે છે,’ દયા અને ન્યાયમાં એટલો જ ભેદ છે કે મનમાં સર્વેને સુખી કરવાની અને દુઃખથી છોડાવવાની જે ઈચ્છા અને ક્રીયા કરવામાં આવે છે, તેઓ એટલે કે ઈશ્વરના ન્યાય વીરુદ્ધ !) તે દયા, અને જે બાહય ચેષ્ટા એટલે કે બંધન છેદન વગેરે (આ વીધાન બીલકુલ અસ્પષ્ટ છે) યથાવત્ દંડ આપવામાં આવે છે, તે ન્યાય કહેવાય.

## ચીંતનકણીકા

**સંપાદન : મોહન પટેલ**

૧. ગૌતમબુદ્ધ : “વેદોમાં કહ્યું છે - માટે તેને જ પ્રમાણભુત માની લેવું તે મોટી ભુલ છે.”

૨. બાળકો આપણને સાંભળતા નથી તેની ચીંતા કરવાની જરુર નથી પણ બાળકો આપણને જોઈ રહયા છે તેની અવશ્ય ચીંતા કરવી જોઈએ. **-રોબર્ટ ફૂલઘૂમ**

૩. સત્ય શોધવા માટે, આપણી જીંદગીમાં એકવાર, શકય હોય ત્યાં સુધી, દરેક વસ્તુ વીશે સંશય કરવો જોઈએ. જે સાચું લાગે છે - એનો સંશય થવો જોઈએ અને જે ખોટું લાગે છે તેનો પણ સંશય થવો જોઈએ.

# જૈન એટલે નાસ્તીક ?

દયાનંદ સરસ્વતી જૈનોને નાસ્તીક માને છે. પોતાને આસ્તીક માને છે. નાસ્તીક એવા જૈનો સાથેના સંવાદમાં એક સ્થળે દયાનંદ જણાવે છે કે, જેમ પરમાત્મા જડ પરમાણુઓમાંથી સૃષ્ટી રચે છે, તેમ માતા-પીતારુપ નીમીત્ત કારણથી પણ ઉત્પત્તીનો પ્રબંધ નીયમ તેણે જ ઘડયો છે.' દયાનંદના આ વીધાનમાંથી પરમાત્માના તત્ત્વને બાજુ પર મુકીએ તો દયાનંદ એવું જણાવે છે કે જડ એવા પરમાણુઓમાંથી સૃષ્ટી એટલે કે ચેતન જીવંત સૃષ્ટી પેદા થાય છે. માતા-પીતાનું ઉદાહરણ આપીને તેઓ જે કંઈપણ જણાવે છે તે પ્રવર્તમાન જૈવીક-રસાયણશાસ્ત્રમાં જીવ પેદા થવા કે માનવ બાળ પેદા થવાનાં જે કારણ આપવામાં આવ્યા છે તેવું જ કારણ દયાનંદ આપે છે ! જૈન એટલે નાસ્તીક અને આસ્તીકનો વીવાદ દયાનંદને પ્રવર્તમાન વૈજ્ઞાનીકિ શોધો તરફ દોરી જાય છે !

આવા જ બીજા એક સંવાદમાં દયાનંદ જણાવે છે કે 'ઈશ્વર સદા મુકત છે. આથી તે સનાતન પરમાત્મા તમારા સાધનોથી 'સીદ્ધ' થયેલા તીર્થંકરોની સમાન એક દેશમાં રહેનારી બંધપુર્વકની મુકતીવાળો નથી.' આ વીધાનમાં દયાનંદ પોતાના ઈશ્વરને મુકત અને સર્વદેશીય જણાવે છે, જયારે તીર્થંકરો એક જ દેશમાંના બંધન તળે મુકતીવાળા છે એવું જણાવીને ધર્મો વચ્ચે શ્રેષ્ઠતાની ખુંખાર ચાલતી હરીફાઈના ભોગ બનીને દયાનંદ પણ હીંદુ ધર્મ ઉંચો અને નાસ્તીકો એટલે કે જૈનાનો ધર્મ નીચો હોવાનું પ્રતીપાદીત કરે છે ! આ ખતરનાક અભીગમે જ રેશનાલીસ્ટોને એ કહેવાની ફરજ પાડી છે કે ધર્મે શ્રેષ્ઠતા પુરવાર કરવા માટે ખુબ લોહી રેડયું છે, અને હજી પણ રેડે છે.

---

આવું જ કંઈક પરમેશ્વરની ઈચ્છા માટે દયાનંદ વીચીત્ર વીધાન કરે છે. એમને પુછવામાં આવ્યું કે, 'પરમેશ્વર શું ઈચ્છે છે ?' એમણે જવાબ આપ્યો કે,'પરમેશ્વર સૌની ભલાઈ અને સર્વને માટે સુખ ઈચ્છે છે. પરંતુ તે સ્વતંત્રતાથી એટલે કે સ્વેચ્છાપુર્વક કોઈને પાપ કર્યા વગર પરાધીન કરતો નથી.' પરમેશ્વરની ઈચ્છાની ચર્ચામાં સ્વેચ્છાપુર્વકના પાપને દાખલ કરવામાં આવ્યું તે જવાબને ઉંધી દીશામાં લઈ જાય છે.

# રેશનાલીસ્ટોનું એક અભુતપુર્વ સંમેલન–૨

**–સુર્યકાન્ત શાહ**

(તા. ૨૮-૨૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ગોધરામાં ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશન અને ગોધરાના હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ એસોસીએશન યોજીત સંમેલન ‘રમણ ભ્રમણ’ સુવર્ણચંદ્રકથી આભુષીત ડો. સુજાત વલીની રાહબરી હેઠળ યોજાયું. એમાં વીવીધ બેઠકોમાં વીવીધ વકતાઓએ વીવીધ વીષયો પર પોતાના અનુભવોના ભાથા સહીત વીદ્વતાપુર્ણ વ્યાખ્યાનો આપ્યાં. ગત તા. ૧૫-૨-૨૩ ના ‘સત્યાન્વેષણ’ના અંકથી એના બેઠક દીઠ અહેવાલો આપવાનું શરુ થયું છે. આજના અંકમાં એવો જ એક અહેવાલ. -સુ)

**પહેલી બેઠકમાં નીતા હાર્ડીકરે** સંવાદથી તંદુરસ્ત સમાજની રચના કરવા પર ભાર મુકયો. વ્યકતીની સંવેદના અને એની માન્યતા અલગ તત્ત્વો છે. આમ છતાં, પોતાની માન્યતા અન્યો પર થોપી બેસાડવા માટે કેટલીકવાર કેટલીક વ્યકતીઓ અન્ય વ્યકતીઓની સંવેદનાશીલ લાગણીઓનું શોષણ કરે છે. આમ સંવેદના અને માન્યતાઓની સેળભેળ સમાજને માંદો બનાવે છે. આવું જ કંઈક સત્તાધીશો પોતાની સત્તાના દુરુપયોગ દ્વારા કરે છે. અન્યોને અપમાનીત કરવા માટે સત્તા નથી. સત્તાધારીએ તો અન્યોને અને ખાસ કરીને નબળાઓને સશકત કરવા માટે સત્તાનો ઉપયોગ કરવાનો છે. સત્તાનો ઉપયોગ વ્યકતી-વ્યકતી વચ્ચેના અને જુથ-જુથ વચ્ચેના ભેદભાવને મીટાવવા કરવાનો છે. સત્તાધીશે સમજવું જોઈએ કે સત્તાના દુરુપયોગથી એ જયારે પોતાની જ માન્યતા અંતીમ અને સાચી છે એવું થોપી બેસાડે છે ત્યારથી જ એની સત્તા મર્યાદીત બની જાય છે. દેખીતી રીતે એ અન્યને નમાવી શકશે, પરંતુ એની સત્તાના દુરુપયોગથી એ તેવી વ્યકતી પર સંમતી સાથે શાસન કરવાનો હક ગુમાવી દેશે. આથી રેશનાલીસ્ટોએ પણ સમજાવટ અને પરસ્પરની સંમતીથી જ સમાજ વચ્ચે રેશનાલીઝમને મુકવાનું છે. ગીતાબેને છેલ્લે એક વાત મહત્ત્વની કરી કે ધુતારાઓના ચમત્કારોથી જે વ્યકતી છેતરાય છે અને કંઈક ગુમાવે છે અને તે જાહેર થાય છે, પછી એ વ્યકતીની સંવેદના સમજવી જરુરી છે. એ સમજયા બાદ એને જો સહાનુભુતીની જરુર લાગે તો અવશ્ય આપવી જોઈએ.

ત્યારબાદની બેઠક શીબીરાર્થીઓ માટે ખુલ્લી મુકવામાં આવી હતી. કેટલાક શીબીરાર્થીઓ : સુરતના ડો. સુષ્મા ઐય્યર, કચ્છના અમૃત નીશર, નરેશ ચાવડા, જામનગરના રમેશભાઈએ પોતાના અનુભવો અને વીચારો દર્શાવ્યા હતા. જેમાંના મુખ્યત્વે આ પ્રમાણે હતા : પુર્વજોની ખોટી તેમ જ નુકસાનકારક માન્યતાઓને પરંપરાનું સુંવાળું નામ આપવામાં આવે છે. એનાથી બચો. ગુજરાતના પ્રત્યેક ગામમાં એક રેશનાલીસ્ટ શોધીને એની જ મારફતે રેશનાલીઝમનો પ્રચાર-પ્રસાર કરવો. સરકાર ધર્મ-વહેમ પોષક બની ગઈ છે. આથી એનાથી ચેતતા રહેવાની જરુર છે. ઈ.સ. ૧૯૬૦ના 'મૃત્યુભોજ નીષેધ' કાયદાને કાયદાપોથીમાંથી કાઢીને તત્કાળમાં અમલી બનાવવાની જરુર છે. માણસથી મોટું ભુત કોઈ નથી કારણ કે બધાં ભુત-ડાકણો કોઈને કોઈ માણસ જ છે. રેશનાલીસ્ટોએ નાની-મોટી પ્રવૃત્તીઓ કરતા રહીને શકય એટલા વધારે સામાન્ય નાગરીકોને તેમાં જોડવા જોઈએ.

આમ, સુજાત વલીએ શીકાગો, અમેરીકાથી સ્ક્રીન પર પીત્રોદા અને બીપીન શ્રોફ વાર્તાલાપ કરે તે પહેલાં કેટલાક શીબીરાર્થીઓને એમના વીચારો-અનુભવો વ્યકત કરવાની તક આપી હતી. ત્યારબાદ વીજ્ઞાન ટેકનોલોજીનો યજમાનોએ બરાબર ઉપયોગ કરીને શ્રોફ - પીત્રોદાના વાર્તાલાપ અને ત્યારબાદ ગોધરાસ્થીત શીબીરાર્થીઓ સાથેની પ્રશ્નોત્તરી થઈ હતી. બીપીનભાઈએ સંમેલનમાં પીત્રોદાને આવકારતા શીબીરાર્થીઓને ટેકનોલોજીના બદલાતા સંદર્ભો વીશે જણાવવા વીનંતી કરી. બીપીનભાઈના પ્રશ્નોના ઉત્તરો આપતા આપતા પીત્રોદાએ ટેકનોલોજી દ્વારા સમાજમાં વ્યાપક અને અસરકારક એવા રેશનાલીઝમને સ્થાન મળે એવો અભીપ્રાય વ્યકત કર્યો. આ અંગે યુ. એન. જેવી વૈશ્વીક સંસ્થાઓ કેવી રીતે યોગદાન આપે અને તે સંસ્થાઓનું પણ નવસર્જન કરવા પર ભાર મુકયો હતો. ઈ. સ. ૧૯૪૨ માં સ્થપાયેલ યુએનના તે સમયના સંદર્ભો અલગ હતા. આજે ખુબ અલગ છે. આથી એનું નવસર્જન થવું જોઈએ. કુલ રાષ્ટ્રીય ઉત્પાદન અંગે બદલાતી વીચારધારા, નેલ્સન અને ગાંધીજી તરફથી વીશ્વને મળેલા તદ્દન નવા સંદેશા, રશીયાનું થયેલું વીઘટન, અમેરીકા પર આતંકવાદીઓનો થયેલ ઘાતક હુમલો, લોકોની વચ્ચે વધતા જતા આંતર સંપર્કો, એમાં ઈન્ટરનેટનો ફાળો, આંતરસંપર્કોને કારણે સરજાતી જતી નવી દુનીયા, સ્વ-અધ્યયનની વધતી જતી સવલતો, વધતું જતું વીકેન્દ્રીકરણ, કોઈપણ માણસના સશકતીકરણની વધતી જતી શકયતાએ નવી જ દુનીયાને જન્મ આપ્યો છે, આથી વૈશ્વીક સંસ્થાઓએ પોતાનું નવુ સંસ્કરણ કરવું જોઈએ.

આ બદલાતી પરીસ્થીતીમાં વીશ્વભરની સરકારો સસ્તી લોકપ્રીયતા મેળવવા માટે ખુબ પ્રયત્નો કરે છે. પરીણામે ધર્મઝનુન, તીવ્ર રાષ્ટ્રવાદ, નફા અને બળનું વધતું પ્રભુત્વ

ભુલાતી પૃથ્વી અને પ્રજા, આથી નોટબંધી જેવા પ્રજા વીરુદ્ધ પગલાં જેવાં અનેક પગલાંને વાજબી ઠેરવવાના અભીયાનો, વધતી જતી અસમાનતા, માનવાધીકારોનું થતું હણન - આ બધું આ જ ટેકનોલોજી અને પ્રગાઢ થતા આંતરસંબંધોને કારણે આપણી વચ્ચે બળવતર બનતા જાય છે. એનું કારણ એ છે કે ટેકનોલોજી એક સાધન હોવાથી એના પર સરકારો અને મુડીપતીઓ વધારે ને વધારે માલીકી અને અંકુશ ધરાવતા થયા છે. આ અટકવું જોઈએ. ટેકનોલોજીને રેશનાલીઝમને આગળ ધપાવવાનું સાધન બનાવવી જોઈએ. સંસ્થાઓ સ્વતંત્રતા, અને મનવાધીકાર તેમ જ બીનસાંપ્રદાયીકતાને પોષક બનવી જોઈએ. વૈજ્ઞાનીક વીચારધારાને જ અપનાવાય તે રીતે ટેકનોલોજીનો ઉપયોગ થવો જોઈએ. માનવવાદનો સ્વીકાર થવો જોઈએ. જે સોસીયલ મીડીયા છે તે સત્યને કેટલું ઉજાગર કરે છે તેનું સ્વતંત્ર અને તટસ્થ સંસ્થાઓ તરફથી માપન થવું જોઈએ. એ માપન 'સત્યાંક'થી ઓળખાવું જોઈએ. પર્યાવરણ બગાડવાથી પૃથ્વીને કશું થવાનું નથી, માનવજાતને ભયંકર નુકસાન થવાનું છે તે ખ્યાલનું શકય એટલું વધારે પ્રવર્તન થવું જોઈએ. ભુતકાળની વાસી, ખરી-ખોટી વાતો આગળ ધરી-ધરીને પ્રજાને બહેકાવવાનું બંધ થવું જોઈએ. આજે જે છે તે છે. તે સ્વીકારી તેના આધારે આવતીકાલ માટે આગળ વધવું જોઈએ. પીત્રોદાએ દર્શાવેલા આ વીચારણીય અસંખ્ય મુદ્દાઓ પર શીબીરાર્થીઓએ પોતાના પ્રતીભાવો આપ્યા અને પ્રશ્નો પુછયા. ડો. સુજાત વલી અને બીપીનભાઈએ પીત્રોદાનો આભાર માન્યો હતો.

* * *

---

**સત્યશોધક સભાના મંત્રી જાદવ પુછે છે :**

પ્રશ્ન : મૃત્યુ પછી દંડ કોને ? શરીર તો અહીં નષ્ટ થઈ જાય છે. આત્મા તો કાપ્યો કપાતો નથી, બાળ્યો બળતો નથી.

ઉત્તર : તમારા પ્રશ્નમાં જ ઉત્તર છે. શરીર કે અવાસ્તવીક એવા આત્માને તમે જણાવ્યાનુસાર દંડ થતો જ નથી. ત્યારબાદ બાકી શું રહયું ? કશું જ નહીં ! એનો અર્થ એ કે જે દંડ કરવાનો હોય તો કોઈને થતો જ નથી. ઉપરાંત, આ 'દંડ' નું ડીંડવાણું 'કર્મના સીદ્ધાંત'વાળા ચલાવે છે. અવાસ્તવીક એવા ભગવાન, ખુદા ગોડની દંડશકતીમાં માનનારા ચલાવે છે. આ બધું જ અવાસ્તવીક છે. પ્રભુ જેવું કશું છે જ નહીં. આથી 'દંડ' કે 'પુરસ્કાર'નો પ્રશ્ન જ પેદા થતો નથી.

## 'પાટી'

**શ્રી નાનુભાઈ વાનાણીએ** સાહીત્યક્ષેત્રે એક નવતર પ્રયોગ કર્યો છે. એમણે પોતાના ગામ 'પાટી'માં સજીવારોપણ કરીને એમણે એના જીવનદર્શનને બોલતું કર્યું છે. એમના આ 'પાટી' પુસ્તકમાંનાં બે અવતરણો :

માતાજીનો કોપ થયો હોવાનું સમજી શીતળા અને ઓરી જેવાં રોગની સારવાર અમે હોસ્પીટલમાં નહીં ઘરે જ કરાવતા હતા. એટલું જ નહીં, શીતળાની રસી મુકવા માટે સરકારી કર્મચારીઓ ત્યારે કોઈના ઘરે આવતા, ત્યારે અંધશ્રદ્ધાને કારણે રસી મુકવાનો ઈનકાર કરી પોતાનાં બાળકોને મા-બાપ છુપાવી દેતાં હતાં. લોકોનો આવો અસહકાર હોવા છતાં શીતળા વીરોધી સરકારની આક્રમક ઝુંબેશના કારણે આ જીવલેણ રોગ પર હવે સંપુર્ણ કાબુ આવ્યો છે.

— * —

આ ઉપરાંત કોઈના બાળક પર પડેલી મેલી નજરનો વહેમ સાચો છે કે ખોટો તેની ખરાઈ કરવા માટે જે બાળક પર મેલી નજર પડયાનો વહેમ પડયો હોય, તે બાળકના માથા ઉપર લાલ સુકા મરચાં અને મીઠું ફેરવીને સળગતા ચુલામાં નાંખવામાં આવતાં હતાં. આવું કરવાથી ખરાઈ એ થતી કે, સળગતા ચુલામાં નાંખેલ મરચાં બળવાની જો તીખી સુગંધ ન આવે અને મીઠું તડતડ ન થાય, તો નજર પડી છે એવું મનાતું. એ જ રીતે નવું કોઈ સાધન કે મકાન લેવામાં આવે, ત્યારે સાધનને લીંબુ અને મરચાં બાંધી તેને ખરાબ નજરથી બચાવવાનો પણ મારે ત્યાં નુસખો છે.

— * —

મારે ત્યાં એ પણ એક માન્યતા હતી કે વ્યકતી જયારે સારા કામે જવા ઘરેથી બહાર નીકળે ત્યારે જો કોઈને છીંક આવે, કોઈની ડાબી આંખ ફરકે, 'કયાં જાઓ છો ? એમ કરી કોઈ ફેંકારો કરે, કાળાં કપડાં પહેરેલી અથવા વીધવા સ્ત્રી સામે મળે, રસ્તામાં બીલાડી કે સાપ આડો ઉતરે, ચીબરી નામનું પક્ષી બોલે કે હાડકાં લઈને કોઈ વ્યકતી જો સામે મળે તો અપશુકન થયાનું કહેવાય છે. જયારે ગાય, ભણવા જતો કે આવતો વીદ્યાર્થી, કુંવારી કન્યા, ઢોલ લઈને આવતો ઢોલી, પાણી ભરીને આવતી સ્ત્રી અને મટન લઈને આવતી વ્યકતી જો સામે મળે તો શુકન થયાનું કહેવાય છે. એ જ રીતે કોઈ વ્યકતી સારા કામે જવા ઘરેથી પ્રવેશ કરવાનાં સમયે અથવા કોઈપણ સારા કે શુભ કામ કરવાના હોય, કે થયાં હોય, ત્યારે શુકનની લાપસી પણ કરવામાં આવે છે. ઉપરાંત પોતાના ઘરના નેવે બેસીને જો કાગડો બોલે તો મહેમાન

આવશે, હેડકી આવે તો કોઈ યાદ કરતું હશે એવું સમજવાની પણ મારે ત્યાં માન્યતા છે. કોઈ વ્યકતી જયારે ઘરેથી બહાર જવા નીકળે ત્યારે 'કયાં જાવ છો' એવો ફેકારો કર્યા પછી જો 'બે' કહેવામાં આવે તો વહેમનું નીવારણ થાય છે અને છીંક આવ્યાં પછી કોઈને કોઈ ઈષ્ટદેવનું નામ બોલવામાં આવે છે. વહેમોનાં કારણ અને નીવારણના આવા તો અનેક નુસખાઓ મારે ત્યાં પ્રચલીત છે.

— * —

અંધશ્રદ્ધાના પ્રતીકસમા શુકન, અપશુકન અને વહેમો રાખવા ઉપરાંત, મારે ત્યાં ભુત અને પ્રેતાત્મા થતાં હોવાના વહેમવાળા પણ થોડાં સ્થાનો હતાં. આવાં સ્થાનોમાં મારી છત્રીમાં (ચબુતરો) લોટીયો, મોટાં વાસમાં ચુડેલ, લાઠીદડ સ્ટેશનના માર્ગે નદી અને બચડાની વચ્ચે 'સુમા ડોશી' થતાં હોવાનો મારાં લોકોને વહેમ હતો. મારાં ભરવાડ સમાજના 'સુમા' નામની વૃદ્ધ મહીલા આ જગ્યાએ માટીની ખાણમાં દબાઈને મૃત્યુ પામેલ હોય તેઓ ત્યાં ભુત સ્વરુપે આવે છે તેવો વહેમ મારે ત્યાં હતો.

— * —

નીંગાળાના માર્ગે આવેલ લીંબડીવાળા કુવા પાસે ખીજડાના ઝાડ પર 'મામો' નામનું ભુત થતું હોવાનો પણ મારે ત્યાં વહેમ હતો. મારાં જ વતની એવાં અમારાં વીઠ્ઠલભાઈ મેરાઈ કે જેઓ મન અને શરીરથી ખુબ મજબુત હતાં, તેઓને 'મામા' નામના આ ભુત સાથે લડાઈ થઈ હોવાની મારે ત્યાં લોકવાયકા છે. ત્યાં શારીરીક અને માનસીક દરેક બીમારીને વહેમ સાથે જોડવામાં આવતી હોઈ કોઈને જયારે માનસીક બીમારી થતી ત્યારે તે વ્યકતીને દવાખાને નહીં પણ ભુવા પાસે જ લઈ જવામાં આવતી. દર્દી જયારે ભુવા પાસે જતો ત્યારે ભુવો અને દર્દી બન્ને ધુણતા હતા. આ રીતે મારે ત્યાં માનસીક દર્દવાળા દર્દીની સારવાર દોરા-ધાગા અને મંત્રજાપથી જ કરવાનું પ્રચલીત હતું.

---

સત્યશોધક સભા અને કીમ એજયુકેશન સોસાયટીના સંયુકત ઉપક્રમે કીમમાં **તા. ૯–૦૪–૨૩ ને રવીવારે સવારે ૯.૦૦ તી ૨.૩૦ (ભોજન સાથે)** એક કાર્યશીબીર યોજાશે. આ વીષયે જેમણે ચીંતન કર્યું છે અને સાહીત્યસર્જન કર્યું છે તેવા સાહીત્યકારો ત્રણ બેઠકોમાં વીજ્ઞાન આધારીત કલ્પનો, ભ્રામક વૈજ્ઞાનીક અભીગમ અને સાહીત્ય, સાહીત્યમાં વૈજ્ઞાનીક અભીગમના ઉપયોગ જેવા વીષયો પર ચર્ચા થશે. આ અંગેની છેવટની માહીતી સત્યશોધક સભાના ગ્રુપમાં મુકવામાં આવશે. કીમના ઉત્તમભાઈ પરમાર અને વડોદરાના ભરતભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ આ શીબીર યોજાવા જઈ રહ્યો છે.

# બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા – ૧૧

-સુર્યકાન્ત શાહ

ઈસ્કોનના પ્રભુપાદના ‘ગીતાના અનુવાદ’ પર આધારીત તા. ૧૫-૯-૧૯૯૨થી ‘સત્યાન્વેષણ’ માં ‘ગીતા મીમાંસા’ થઈ હતી. એ મીમાંસાને કેન્દ્રમાં રાખીને અત્રે એ તપાસવામાં આવે છે કે બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ‘ગીતા’નું અધ્યયન અધ્યાપન કેટલું પ્રસ્તુત બનશે.

તેરમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં પ્રભુપાદે કમાલની વાત કરી છે કે આત્મા જેવું કશું નથી. વળી પાછું ફેરવી તોલીને પ્રભુપાદ જણાવે છે કે, ‘પ્રત્યેક શરીરની અંદર બે આત્માઓ હોય છે. વ્યકતીગત આત્મા તથા પરમાત્મા !’ ગીતાની આવી પરસ્પર વીરોધી વાતો શીક્ષકો કેવી રીતે ભણાવશે ? વીદ્યાર્થીઓ કેવી રીતે ભણશે ? પ્રભુપાદ ગીતાનો આશરો લઈને જણાવે છે કે ‘બ્રહ્મ’ના ઉચ્ચતર સ્તરનો જે સાક્ષાત્કાર થાય છે, જે વીજ્ઞાનરુપ કહેવાય’.’ શીક્ષકો સાક્ષાત્કારની સંકલ્પના બરાબર સમજાવી શકે તેની કોઈ સમજ પ્રભુપાદે આપી નથી. આવા અસ્પષ્ટ ‘સાક્ષાત્કાર’ અને સતત સ્પષ્ટ રહેવા ઝઝુમતા ‘વીજ્ઞાન’ વચ્ચે ઉત્તર-દક્ષીણ જેવો સંબંધ છે એ હકીકતને પહેલા તો શીક્ષકે સમજવી પડશે. એ આ સમજ પ્રમાણે ગીતાને કેવી રીતે ભણાવી શકશે ? ગીતાના આ શ્લોકોની સમજ આપતા પ્રભુપાદ જણાવે છે કે, ‘અધ્યાત્મ ભૌતીક જીવન પરત્વે નકારાત્મક દ્રષ્ટીકોણ ધરાવે છે.’ પ્રભુપાદનું આ મંતવ્ય એ સ્પષ્ટ કરે છે કે અધ્યાત્મ અને વીજ્ઞાન વચ્ચે સ્નાનસુતકનો પણ સંબંધ નથી કારણ કે વીજ્ઞાન તો ભૌતીકતાનો જ અભ્યાસ કરે છે ! આથી પ્રભુપાદ જણાવે છે કે ‘ભગવદ્ ગીતા કેવળ ભકતીના વીજ્ઞાનનું જ પ્રતીપાદન કરે છે.’ આવો વદતોવ્યાઘાત સમજાવવાનું હોંશીયારમાં હોંશીયાર શીક્ષકના બસ બહારની વાત બનશે.

અધ્યાય ચૌદના ચોથા શ્લોકમાં કૃષ્ણના મોઢે પ્રભુપાદ એવું બોલાવે છે કે, ‘હે કુંતીપુત્ર, એ સમજી લેવું જોઈએ કે સર્વ યોનીઓ આ ભૌતીક પ્રકૃતીમાં જન્મ દ્વારા શકય બનાવાય છે, અને હું તેમનો બીજપ્રદાન કરનાર પીતા છું.’ કૃષ્ણનો આ દાવો શીક્ષકો વર્ગખંડમાં વીદ્યાર્થીઓને ગળે કેવી રીતે ઉતારશે ? તેઓ શું એવું સમજાવશે કે સંભોગ કરનાર પુરુષ સ્ત્રીની યોનીમાં કશું આપતો જ નથી, અને તે કૃષ્ણ આપે છે !

પ્રભુપાદને માત્ર વીજ્ઞાન જ નહીં, પરંતુ તત્ત્વજ્ઞાન પરત્વે પણ નફરત છે. આથી તેઓ શ્લોક-૭ માં સમજુતી આપતા જણાવે છે, ‘વૈજ્ઞાનીકો અને તત્ત્વચીંતકોને એમના જ્ઞાનનો ગર્વ હોય છે.’ મતલબ કે પ્રભુપાદ અને એમના જેવા અન્ય સાધુ-સંતો નીરાભીમાની છે. મતલબ

સાફ છે કે તત્વચીંતકો અને વૈજ્ઞાનીકોને અભીમાની ગણાવીને એમને ભકતો અને હવે વર્ગખંડમાં શીક્ષકો તેમ જ વીદ્યાર્થીઓની નજરમાં હલકા ચીતરવા. કૃષ્ણના બીજપ્રદાનની વાતને આગળ વધારતા પ્રભુપાદ ગીતાના સોળમા અધ્યાયના શ્લોક એકથી ત્રણની સમજુતીમાં જણાવે છે. 'ઉત્તમ સંતાન ઉત્પન્ન કરવા માટેનું જાતીય જીવન સ્વયં કૃષ્ણ છે.' આ બાબત શીક્ષકો પોતે જ કેટલી સમજશે ? એમણે ગાડી ઊંધી ચલાવવી પડશે. એમનાં મુલ્યો પ્રમાણે જે સંતાનો 'ઉત્તમ' હોય એમને શોધવા પડશે. ત્યારબાદ એનાં માતા-પીતાના જાતીય જીવનને એટલે કે શયનખંડના વ્યવહારોવાળું જીવન તપાસવું પડશે. એમાં જો શીક્ષક સફળ થાય તો એમના જાતીય જીવનને કૃષ્ણ તરીકે ઓળખાવી નમુના (sample) તરીકે એમણે વીદ્યાર્થીઓ સમક્ષ રજુ કરવું પડશે.એકવાર આ નમુનો હાથમાં આવ્યા પછી આ જ શ્લોકનો આધાર લઈને પ્રભુપાદ એ જણાવે છે કે, 'જો તે (પુરુષ) કૃષ્ણભાવના પરાયણ થઈ શકે એવા બાળક પેદા કરી શકતો હોય તો તે સેંકડો બાળકો પેદા કરી શકે છે !' કુટુંબ નીયોજનના આ જમાનામાં શીક્ષકો વીદ્યાર્થીઓને કેવી રીતે સેંકડો બાળકો પેદા કરવાની વાત સમજાવશે ?

ચોથા શ્લોકમાં તો ગીતાના નામે પ્રભુપાદ શુદ્રોને (એટલે કે, દલીતોને) રોકડુ પરખાવી દે છે કે, 'નીતીમાનીતા અર્થાત્ આદર-માનની અપેક્ષા ન રાખવી તે શુદ્રો અથવા શ્રમીક વર્ગ માટે છે કે જેમને વૈદીક આદેશો પ્રમાણે ચારે વર્ણોમાં નીમ્નતમ માન્યા છે. તેમણે મીથ્યા સન્માન કે પ્રતીભાથી ફુલાઈ જવું ન જોઈએ, અને પોતાની પરીસ્થીતી અનુસાર રહેવું જોઈએ. સામાજીક વ્યવસ્થા જાળવવા માટે ઉચ્ચ વર્ણનો આદર કરવો એ શુદ્રોનું કર્તવ્ય છે.' ગીતાના નામે પ્રભુપાદે આ જે દલીતોને રોકડું પરખાવ્યું છે તે જો શીક્ષક વર્ગમાં ભણાવે તો શું તે બંધારણની જોગવાઈનો ભંગ નહીં કરશે ? હજુ તો ગીતાને ભણાવતા ભણાવતા શીક્ષકોએ બંધારણીય જોગવાઈઓનો વધારે ભંગ કરવો પડશે. કારણ કે સાતમા શ્લોકમાં એવું જણાવાયું છે કે, 'સ્ત્રીને સ્વાતંત્રતા આપવી જોઈએ નહીં.' ગીતાના નામે પ્રભુપાદે સ્ત્રી-સ્વાતંત્ર્ય અને સમાનતાનો આગ્રહ રાખનારાને અસુરો ગણાવ્યા છે ! શુદ્રો અને સ્ત્રીઓ અંગે ગીતાના વલણને સાથે સાથે તપાસીએ તો ચોખ્ખું એ તારણ મળે છે કે સમગ્ર સમાજનું શાસન અને શોષણ કરવાનો હક માત્ર બ્રાહ્મણ પુરુષોને છે ! એકંદરે ગીતાની આ વાતો માનવાધીકાર, સામાજીક સમાનતા, સ્ત્રીસ્વાતંત્ર્ય અને બંધારણીય જોગવાઈઓથી તદ્દન વીરુદ્ધની વાતો છે. આપણું શીક્ષણ બીનસાંપ્રદાયીક હોય કે નહીં, છતાં શું કોઈ પણ પ્રકારના શીક્ષણ એટલે કે સાંપ્રદાયીક શીક્ષણમાં પણ ગીતોપદેશીત આ મુલ્યો ભણાવી શકાય જ નહીં.

સોળમા શ્લોકની સમજુતીમાં પ્રભુપાદ ગીતાના નામે એવું જણાવે છે કે 'આસુરી મનુષ્ય તેના પોતાના કાર્યની શકતીમાં વીશ્વાસ રાખે છે, પરંતુ કર્મના નીયમમાં માનતો નથી.' ગીતાના નામે પ્રભુપાદ જે એવું જણાવે છે કે તમે જો તમારી શકતીમાં વીશ્વાસ રાખશો તો તમે અસુર ગણાશો ! શું આપણે આપણા વીદ્યાર્થીઓને ભણાવીશું કે તમે તમારી જાતમાં વીશ્વાસ રાખશો જ નહીં ? આગળ વધીને શીક્ષક પરસ્પર વીરોધી બાબતો કેવી રીતે જણાવશે ? એક બાજુ એણે ગીતાનુસાર કર્મના નીયમ પ્રમાણે ભુતકાળમાં કરેલા કર્મો જ તમારો વર્તમાન નકકી કરે છે. બીજી બાજુ, કૃષ્ણ, ખુદા, ગોડની કૃપા વીના કશું થતું નથી. આ બન્ને બાબત પરસ્પર વીરોધી છે. શીક્ષક અને વીદ્યાર્થી એક સાથે ત્રણ બાબત ચીંતન માટે મુકશે : (૧) જાત પર વીશ્વાસ (૨) કર્મના નીયમો (૩) પ્રભુ કૃપા. આ ત્રણે સાથે સાથે જીવનમાં ચાલી શકે જ નહીં. શું પરીક્ષામાં શીક્ષક ગમે તે એકની પસંદગી કરવાનું પુછીને તેની પસંદગીના કારણો સમજાવવાનું વીદ્યાર્થીઓને કહેશે ? આ જ સોળ શ્લોકમાં પ્રભુપાદ ફરી એકવાર અસુરોને યાદ કરીને જણાવે છે કે 'આધુનીક યુગમાં આસુરી માણસો યોગપદ્ધતી દ્વારા ઉચ્ચતર ગ્રહમંડળમાં જવાનો પ્રવાસ કરી રહયા છે. મતલબ કે નાસાથી માંડી ઈસરો સુધીના વૈજ્ઞાનીક અને તેમને પીઠબળ પુરી પાડતી સરકારો અને તેમના પ્રધાનો અસુર છે ! શીક્ષક આ જયારે ભણાવશે ત્યારે વીદ્યાર્થીઓ મોટું વકાસી દેશે ! હદ તો ત્યારે થાય છે કે પ્રભુપાદ ગીતાના નામે જણાવે છે કે 'ભગવાન આસુરી લોકો પ્રતી કદાપી દયા કરતા નથી.' બધા જ વૈજ્ઞાનીકો અને પ્રધાનોનું આવી બન્યું ! શીક્ષકોએ એ સમજાવવું પડશે કે ભગવાન આ લોકોને કદી માફ નહીં કરે !

અધ્યાય સત્તરના પાંચ-છ શ્લોકમાં કૃષ્ણના નામે પ્રભુપાદ 'અસુર'નું ડીંડવાણુ આગળ ચલાવે છે. તેઓશ્રી કૃષ્ણના મુખમાં શબ્દો મુકે છે, 'જે લોકો દંભ તથા અહંકારને તાબે થઈને શાસ્ત્ર વીરુદ્ધ કઠોર તપ તથા વ્રત કરે છે, જેઓ કામવાસના તથા આસકતી દ્વારા પ્રેરીત થાય છે, જેઓ મુખી છે, અને જેઓ શરીરનાં ભૌતીક તત્ત્વોને તથા શરીરમાં રહેલા પરમાત્માને કષ્ટ આપે છે, તેઓ અસુર કહેવાય છે.' જાણવામાં તો એવું આવ્યું છે કે ધ્રુવથી માંડી અનેક રુષીઓએ કઠોર તપ-વ્રત કરેલા. જૈન ધર્મ તો કઠોર તપ-વ્રતને મોક્ષે જવા માટેનો મુખ્ય રસ્તો ગણે છે. વીદ્યાર્થીઓને આ માહીતી હોય જ કારણ કે તેઓ સમાજમાં રહે છે. જો કોઈ ચબરાક વીદ્યાર્થી શીક્ષકને પુછે છે કે 'શું આ બધા અસુરો કહેવાય ?' તો, શીક્ષકને જવાબ આપવાનું ખુબ મશ્કેલ પડશે. શ્લોક વીસની સમજુતીમાં પ્રભુપાદ જણાવે છે

કે ગીતાએ તીર્થસ્થાન, બ્રાહ્મણ, ભકત અને મંદીરને દાન આપવાની ભલામણ કરી છે, પરંતુ નીર્ધનને દાન આપવા માટે તેઓ તપાસ પંચ નીમવાનું જણાવે છે. 'કેટલીક વખત નીર્ધન માણસને કરુણાવશ દાન અપાય છે, પરંતુ  નીર્ધન જો દાન દેવા પાત્ર ન હોય, તો કશી આધ્યાત્મીક પ્રગતી થતી નથી !?

અઢારમા અધ્યાયના ત્રીજા શ્લોકની સમજુતી આપતા પ્રભુપાદ જણાવે છે કે, 'વૈદી સાહીત્યનો સંદર્ભ લઈને પશુબલીને વાજબી ઠેરવે છે ! વેદથી પણ આગળ વધી સત્તરમા શ્લોકમાં પ્રભુપાદ કૃષ્ણના મુખમાં આ શબ્દો મુકે છે,' 'જે મનુષ્ય મીથ્યા અહંકારથી પ્રેરાયેલો નથી, જેની બુદ્ધી બદ્ધ થયેલી નથી, તે આ જગતમાં મનુષ્યનો હણતો હોવા છતાં હણતો નથી !' આપણા વીદ્યાર્થીઓને આપણે શું નરસંહાર કરવા તરફ પ્રેરીશું ? આ જ પ્રમાણે શુદ્રોની બાબતમાં પણ  શ્લોક ચુમ્માળીસમાં વીધાન, 'શ્રમ તથા બીજાઓની સેવા કરવી એ શુદ્રોનો ધર્મ છે !' ને પણ ભ્રષ્ટ બુધ્ધીજીવીઓ મચડે છે. અન્યથા ગીતામાં સ્પષ્ટ કહેવાયું જ છે કે શુદ્રોનું શોષણ કરવું. વીદ્યાર્થીઓ તો જે લખાયું છે તે જ વાંચશે, અને તેનો સીધો-સાદો અર્થ કરશે. આ સત્ય બધાં જાણે જ છે, છતાં બીનસાંપ્રદાયીક શીક્ષણમાં તેઓ ગીતાના અધ્યયનનો આગ્રહ રાખે છે.

શ્લોક છાંસઠમાં પ્રભુપાદ કૃષ્ણના મોંઢામાં શબ્દો મુકે છે. 'સર્વ પ્રકારના ધર્મોનો ત્યાગ કરવો જોઈએ.' બધાં જ ધર્મગ્રંથોમાં આ પ્રકારનાં વીધાનો હોય છે. આવાં વીધાનો જ ભકતોને એ અંધ ખ્યાલ અર્પે છે કે અન્ય ધર્મો ઉતરતી કોટીના છે. પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે. આ અંધ ખ્યાલ જ ધર્મો ધર્મો વચ્ચેના ઝઘડાને એટલા તીવ્ર બનાવે છે કે ધર્મોની સ્થાપના થયા બાદ માનવ-લોહી સતત વહેતું જ રહયું છે. વીદ્યાર્થીઓને તો સર્વધર્મસમભાવ અને આગળ વધીને ધર્મોને જ છોડવા સમજાવવાના હોય. ગીતાના  અધયયન-અધ્યાપન થકી તો ચોક્કસ ધર્મની શ્રેષ્ઠતાના વીષબીજ વીદ્યાર્થીઓમાં રોપાશે.

ગીતાને વર્ગખંડમાં ભણાવાય જ નહીં એ તો સડસઠમાં શ્લોકમાં કૃષ્ણ ખુદ કહે છે કે, 'જે મનુષ્યો સંયમી નથી, નીષ્ઠાવાન નથી, તથા ભકતીમાં પરોવાયેલા નથી તેમને આ (ગીતાનું) ગુહ્યજ્ઞાન આપવું નહીં.' શાળામાં અધ્યાપન કરતા શીક્ષકોએ પહેલા તો કૃષ્ણે દર્શાવેલી ત્રણ શરતો અપનાવી છે કે કેમ તેની પરીક્ષા આપવી પડશે. જે ઉત્તીર્ણ થશે તે અધ્યાપનને પાત્ર બનશે. વર્ગમાં બેઠેલા વીદ્યાર્થીઓએ પણ આવી જ પરીક્ષા આપવી પડશે. એ પરીક્ષામાં જેઓ

ઉત્તીર્ણ થાય તેઓ જ ગીતાનું અધ્યયન કરી શકશે. બીનસાંપ્રદાયીક શીક્ષણ પદ્ધતીમાં આથી ગીતા અધ્યાપન-અધ્યયન માટેનું મોટું અને જડબેસલાક તંત્ર ગોઠવવું પડશે. જેઓ ઉત્તીર્ણ નહીં થાય તેમને ગીતાથી દુર રાખવા પડશે. જો આવું નહીં કરવામાં આવશે તો એ કૃષ્ણના આદેશનો ભંગ ગણાશે.

બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા હોય કે કોઈપણ પુસ્તક ભણવા-ભણાવવા માટે દાખલ કરવાનું થાય ત્યારે તે પુસ્તકનું બીનસાંપ્રદાયીકતાના માપદંડે, શીક્ષણનાં મુલ્યોની દ્રષ્ટીએ અને અધ્યાપન-અધ્યયન કરનારની પાત્રતાની ક્ષમતા તપાસવી જ પડે. આ કરવામાં આ કે તે ધર્મની ટીકા કરવાનું કોઈ કારણ જ નથી. જે કોઈ પણ મુદ્દાને તપાસ હેઠળ લેવામાં આવ્યા છે તે આ ત્રણ માપદંડે જ મુલવવાનો અત્રે પ્રયત્ન થયો છે. વાચકો પણ આ જ ભાવથી આ આખી લેખમાળાને સ્વીકારવા અને સમજવાનો પ્રયત્ન કરશે એ અપેક્ષા. (સંપુર્ણ)

## વીશ્વ અંગેની બાબતોનો યશ ગણીતશાસ્ત્રને !

અમેરીકાની મેલેન્ડ યુનીવર્સીટીના ગણીતશાસ્ત્રના પ્રોફેસર મનીલ સુરીએ ‘ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા’ને મુલાકાત આપતા જણાવ્યું કે, ‘સચરાચરની વ્યવસ્થા જોઈને ધાર્મીક લોકો એનો યશ ભગવાન, ખુદા, ગોડને આપે છે. જુઓને, હીંદુ ધર્મ એ યશ વીષ્ણુને આપે છે. મારો સ્પષ્ટ મત છે કે આ યશ ગણીતશાસ્ત્રને જ આપી શકાય. સચરાચરની બધી ખુબીઓ અને વ્યવસ્થાની પાછળ ગણીતશાસ્ત્રજનીત બૌદ્ધીકતા જ કામ કરે છે. કોઈ પણ ધર્મના રડાર જે બાબતો આવી નથી અને આવતી નથી તેવી સચરાચરની બાબતોનું રહસ્ય પણ ગણીતશાસ્ત્રમાં છે. એકાદ બે ઉદાહરણથી આ બાબત સમજાશે. દુર દુરની નીહારીકાઓ વચ્ચેના ખાલીપાની લાક્ષણીકતાઓ પાછળ ગણીતશાસ્ત્રનું જ રહસ્ય છે. મહામારી કેવી રીતે ધીમે ધીમે આગળ વધે છે કે અરે ! કીડીના ચોકકસ પ્રકારના વર્તનની પાછળ ગણીતશાસ્ત્રનું જ રહસ્ય છે. આ અને આવી અનેક બાબતોનો કોઈ પણ ધર્મને રજમાત્ર ખ્યાલ જ નથી.’

સુરીએ આવો જ બીજો મુદ્દો ચર્ચામાં લેતા જણાવ્યું કે, ‘ધર્મો દાવો કરે છે કે જડમાંથી ચેતનમાં થતા રુપાંતરને માટે ખુદા, ભગવાન, ગોડની જરુર જ પડે. ગણીતશાસ્ત્રનો અભ્યાસ સુચવે છે કે આ રુપાંતર માટે ભગવાનની જરુર જ નથી. આ રુપાંતર આપોઆપ થાય છે. એ માટે ખુદાની મદદની જરુર જ નથી.’

# શ્રદ્ધાળુને સવાલો (૩)

**–રામજી માવજી દવે**
(બગસરા, જી. અમરેલી)

-૮૪ લાખ યોનીમાં જીવ ભટકતો રહે છે. કહેવાય છે કે લાખો યોની બાદ અમુલ્ય એવો માનવ દેહ મળે છે. મનુષ્ય દેહ મળ્યા પછી એનો છુટકારો થાય છે ખરો કે ફરી પુનર્જન્મ લેવો પડે છે ?

- માણસના મૃત્યુ બાદ એના જીવાત્મા (રૂહ)નું શું થતું હશે ? એની અંતીમ ઈચ્છા, અતૃપ્ત ઈચ્છા કે જાતી મુજબ એની ગતી થતી હશે ? એ ભટકતો રહેતો હશે કે અન્ય દેહમાં પ્રગટતો હશે કે ભળી જતો હશે ?

  આત્માને સ્વર્ગ કે હેવનમાં જવાનો કે ત્યાં ભોગવટો કરવાનો અધીકાર કયારે મળતો હશે ? અને ત્યાં દેહરુપે કે આત્મારુપે આનંદ કરતો હશે ?
- દરેક જીવ કર્માનુસાર પુનર્જન્મ પામતો કે લેતો હોય તો જેટલી ભુતકાળમાં વસ્તી હતી એટલી જ વસ્તી વર્તમાનમાકાળમાં રહેવી જોઈએ. વધવી ન જોઈએ. દા.ત. ભતકાળમાં ૫૦ હજાર વરસ પહેલા દુનીયાની વસ્તી ૫૦ લાખ હોય તો વર્તમાનકાળમાં ૫૦ લાખ જ રહેવી જોઈએ. ૮ અબજ થવી ન જેઈએ. આઝાદી (૧૯૪૭) વખતે ભારતની વસ્તી ૩૬ કરોડ હતી પણ હાલ (૨૦૨૩)માં ૧ અબજ ૪૦ કરોડ છે. તો એક અબજ થી પણ વધુ વસ્તી કયાંથી આવી ગઈ ? એ કઈ વસ્તીનો પુનર્જન્મ થયો હશે ?
- પુર્વભવમાં કરેલા કર્માનુસારનું ફળ માણસને પુનર્જન્મમાં મળતુ હોય તો એ ફળ કોણ ભોગવે છે ? અગાઉનો આત્મા (જીવ) કે અગાઉનો દેહ ? આપણી માન્યતા અનુસાર આત્મા તો નીર્લેપ છે. એ સજા-મજા, દુઃખ-સુખ કશું ભોગવતો ન હોય તો જે દેહ રાખ થઈ ગયો છે તે દેહ શું સજા ભોગવી શકે ? કેમ ? અથવા નવા દેહે એની સજા શા માટે ભોગવવી પડે ?
- અગાઉના દેહે કરેલા કર્મનું ફળ નવા દેહે ભોગવવાનું થતું હોય તો કોઈ રુષી, મહર્ષી કે સંતના આશીર્વાદ કે શાપની અસર પુનર્જન્મ પામેલા દેહ પર થઈ શકે ખરી ?
- ચીત્રગુપ્તના ચોપડામાં આપણાં સારાં-નરસાં કર્મ નોંધાય છે અને મૃત્યુ થતા હીસાબ કરીને સ્વર્ગ કે નર્ક અપાતુ હશે ? બીજી માન્યતાનુસાર વૈતરણી પાર (પસાર) કરનારને સ્વર્ગ મળશે, તો પુર્વજન્મ અને પુનર્જન્મની વાત ટકે છે ખરી ? તો સાચું

શું ? ભાદરવામાં આપણે પીપળે પીતૃને પાણી પાઈએ છીએ અને કાગડા મારફ્તે પીતૃને ખીર ખવરાવીએ છીએ. આપણા પીતૃઓ સદેહે કે આત્મારુપે પાણી પીવા કે ખીર ખાવા આવતા હશે ? શું એમના મરણ બાદ ત્યાં સુધીમાં પુનર્જન્મ કે મોક્ષ થયો નહીં હોય ?

- વેરભાવે ભકતી કરવાથી મુકતી વહેલી મળે છે. એથી શીવભકત બ્રાહ્મણ રાક્ષસ રાવણે શ્રીરામની વેર ભાવે ભકતી કરી, વહેલી મુકતી મેળવી લીધી હતી, તો આપણે રાવણની નીંદા અને રાવણ દહન શા માટે કરવા જોઈએ ?
- જયોતીષના હીસાબે જન્મ સમય અને જન્મરાશીના ગ્રહોનાં હીસાબે જ જાતક જન્મેલાનું ભાવી નકકી થતુ હોય તો પુર્વ જન્મ અને પુનર્જન્મની થીએરી (Theory) ની વાત ટકતી નથી. એક જ રાશીવાળાનાં જીવન અને કારકીર્દી કેમ એકસરખા નીવડતા નથી ?
- એક સ્કુલના એક વર્ગમાં એક સરખી રાશીના અનેક વીદ્યાર્થીઓ ભણતા હોય છે, છતાં એમનું પરીણામ કેમ એક સરખું આવતું નથી ? ભારત જેવડા એક અબજ ૪૦ કરોડની વસ્તીવાળા દેશમાં લાખો માણસો એક જ સમયે જન્મતા હોય છે, છતાં તેમાંથી કેમ એક જ રાષ્ટ્રપતી અને એક જ વડાપ્રધાન બને છે ?
- એક જ વાહનમાં કે એક જ સમારંભમાં બધી રાશીના માણસો બેઠેલા હોય છે, છતાં અકસ્માત થતા બધાંને કેમ એકસરખી પીડા, ઉપાધી ભોગવવી પડે છે ? માનવી કે કુદરતી આફ્ત કે રોગચાળામાં બધી રાશીના માણસો કેમ હોમાઈ જાય છે ?
- પુણ્ય કમાવા યાત્રાર્થે નીકળેલા માણસો ઉપર દેવ-દેવી કે માતાજીના આશીર્વાદ ઉતરવા જોઈએ, એનુ રક્ષણ થવું જોઈએ, એના બદલે એ યાત્રીઓ જ અકસ્માતનો ભોગ બનેએ કેવું કહેવાય ?
- હોનારતમાં અમુક માણસ મરી જાય છે અમુક માણસ જીવી જાય છે. આ સીવાયના બીજા પ્રસંગે પણ કહેવાય છે કે સુકા પાછળ લીલું બળી ગયું. દુષ્ટ સાથે સજ્જનનો ભોગ લેવાયો તે આમાં ઈશ્વરનો ન્યાય કયાં રહયો ?
- કોરોનાના રોગચાળાએ બધા ધર્મના અને બધી માન્યતાના દંભ ઉઘાડા પાડી દીધા છે. કોઈના ભગવાન, ખુદા, ગોડ, દેવ-દેવી, માતાજી કામે લાગ્યા નહીં. અરે બધા ધર્મસ્થાનોમાં તાળા લાગી ગયા. ઈશ્વરે માણસોને બચાવ્યા નહીં પણ વૈજ્ઞાનીકે અને મેડીસીન (ઔષધ) એ માણસને બચાવ્યા એમ કહી શકાય કે નહીં ?

- દરેક ધર્મમાં ચમત્કારીક બનાવોની બોલબાલા હોય છે. આવી ચમત્કારીક ઘટના ક્યાં ? કેમ ? બની હતી એના ઠામ-ઠેકાણાં (સરનામાં) હોતાં નથી. અફવાની માફક એ ફેલાય અને સ્વીકારી લેવાય છે. એનું કોઈ પ્રમાણ કે સાબીતી મંગાતી નથી.
- જગતમાં ઘણી અનહોની - અપુર્વ - અદ્‌ભુત વાતો બને છે. જાદુગરો જે કૌશલ બતાવે છે તે આપણે બતાવી શકતા નથી - જાદુગર એને ચમત્કારમાં ખપાવતા નથી પણ એના કૌશલ અને ઝડપને જશ આપે છે. વૈજ્ઞાનીકો, ટેકનીશ્યનો અને ડોકટરોએ જે સીદ્ધી મેળવી છે અને માનવજાતની સેવા કરી છે એવી ચમત્કારીક પુરુષોએ કરી નથી. બાબા-સાધુ-સંત-ધર્મગુર મૌલવી-પાદરીને મર્યાદીત માણસ અને પોતાનાથી અંજાયેલા શીષ્ય સાથે જ સંબંધ હોય છે અને એ સીદ્ધી પોતાના પુરતી જ હોય છે, પણ વીજ્ઞાનની વાત જાહેરમાં બધા માટે છે અને બધા એનો લાભ લઈ શકે છે. શું ધર્મગુરુએ કોમ્પ્યુટર, રોબોટ, મોબાઈલ આપ્યા ? એમણે શું રોગો માટેની દવા શોધી ? પીડા હણી ? એમણે ઓપરેશન કરી, માણસોને બેઠા કર્યા ? એમણે શું શરીરના સડેલા-નકામા અંગ કાઢી, નવા અંગનું પ્રત્યારોપણ કર્યું ?

---

## અમે પણ

**-સૈયદ નીઝામુદ્દીન શાહ**
**(ચીશ્તી નીઝામી)**

બગીચા માટે વહેવડાવ્યું છે રકત અમે પણ,
દેશભકતી માટે ઘાવ પણ સદૈવ સહ્યા છે અમે પણ.
ભાંડી રહ્યા છે અમને કહેવાતા દેશભકતો,
શાન ભારતની, અમને ભારત અતીપ્રીય છે.
અમે પણ ગંગા ને હીમાલયના સાક્ષી છીએ,
દખ્ખણના દ્રવીડ તો ઉત્તરના અતી અણમોલ છીએ.
અવકાશમાં ઉડવા, ને આંબ્યું અમે પણ આકાશ,
વીક્રમ સારાભાઈ અમારા, તો અબ્દુલ કલામ પણ અમારા.
દેશના રક્ષણ કાજે યુદ્ધભુમી પર વીરગતી,
વહોરી છે શહીદી હમીદે, કુરબાન અમે પણ.
અર્થતંત્રના વીકાસમાં સહકાર છે અમારો પણ,
ના ભુલશો આ બધુ, યાદ રાખશો તમે પણ.

**(મુસ્લીમ રાઈટર્સ પ્રકાશીત 'એક છત્ર નીચે'માંથી સાભાર)**

# રેશનલ ચળવળ

'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભુષીત **ડૉ. સુજાત વલી**ની આગેવાની ગોધરાના હ્યુમન રેશનાલીસ્ટ એસોસીએશન તરફથી દર બુધવારે રાત્રે ૯.૦૦ કલાકે રેશનલ વેબીનાર યોજાય છે. એમાં જોડાયાનું તમને અને સૌને આમંત્રણ છે. એ માટે અવીનાશ મીસ્ત્રીનો એમના મોબાઈલ નં. ૮૪૦૧૩૦૩૦૦૦ પર સંપર્ક સાધવો.યોજાઈ ગયેલા વેબીનારની માહીતી.

| તા. | વીષય | વકતા |
|---|---|---|
| ૩૦-૧૨-૨૨ | લગ્ન | જુથ ચર્ચા |
| ૧૧-૦૧-૨૩ | રેશનાલીસ્ટ અધીવેશન | ,, |
| ૦૧-૦૨-૨૩ | શીબીરનું અવલોકન | ,, |
| ૦૮-૦૨-૨૩ | આતંર ધર્મ/જ્ઞાતીય લગ્ન | ,, |
| ૧૫-૦૨-૨૩ | ધી રીઝન ફીલ્મ ચર્ચા | ,, |
| ૨૨-૦૨-૨૩ | ધર્મ સ્થાનોમાં અપાતું દાન | ,, |
| ૦૧-૦૩-૨૩ | ધાર્મીક બાબાઓના આશ્રમો | ,, |

(૨) 'રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત **જયંત પંડયા**ની આગેવાની હેઠળ રાજકોટના વીજ્ઞાન જાથા તરફથી રેશનાલીઝમને લગતી પ્રવૃત્તીઓ :

(૧) સૌરાષ્ટ્રના વાઘીયા મહુડા ગામમાં જળુ માતાજીના નામે પૈસા પડાવતા અને મહીલાઓ સાથે અડપલા કરતા એક ઢોંગીને પકડવામાં આવ્યો. એની લીલાને ખુલ્લી પાડવામાં આવી. ભવીષ્યમાં આ દુષ્કૃત્યો બંધ કરવાની એણે ખાતરી આપી છે. એની વીરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

(૨) જુનાગઢની સ્નાતક મહીલાને મુંબઈસ્થીત સાસરીયા માથા પર સળગતી સગડી મુકવા જેવા અનેક ત્રાસ ચીત્રવીચીત્ર વહેમથી પીડાઈને આપતા હતા. જાથાને ફરીયાદ મળતા એણે પોલીસની મદદથી આ મહીલાને ત્રાસમુકત કરાવી.

(૩) કચ્છના રાપામાં 'ચમત્કારોથી ચેતો'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એમાં કેન્દ્ર અને રાજય સરકારોને અંધશ્રદ્ધા-વહેમ વીરોધી કાયદો બનાવવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો.

(૪) જીવતાને લાશ કરતા ભચાઉના મામાદેવતા ભુવાહરીમામાના દાવાની પોકળ પકડી પાડી હતી. હવે પછી આવી ધતીંગલીલા બંધ કરવાની એમણે ખાતરી આપી હતી.

(૫) સુરેન્દ્રનગર જીલ્લાના નાગડક ગામમાં માતાજીના નામે આઠ પશુની બલીને જાથાએ અટકાવ્યું હતું. ગામ લોકોને આવા નીર્દય કાર્યક્રમના ભાગીદાર નહીં બનવાનો આગ્રહ કર્યો હતો.

(૬) સૌરાષ્ટ્રના ગૈરીદલ ગામમાં કણસાગરા મહીલા કોલેજના એન. એસ. એસ. શીબીરમાં ચમત્કારોથી ચેતોનો કાર્યક્રમ જાથાએ રજુ કર્યો હતો. આ કાર્યક્રમમાં સત્યશોધક સભાના પુર્વ પ્રમુખ સીદ્ધાર્થ દેગામીનું સન્માન કરવામાં આવ્યું હતું.

(૭) જસદણ ગામના ધાર્મીક સ્થાનોમાં બેસી ચીકનગુનીયા મટાડવાનો દાવો કરતા કાશીરામનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો.

---

**જાદવ પુછે છે :**

મૃત્યુ પછીની તમામ કલ્પના બીલકુલ ખોટી હોવા છતાં ૯૯ ટકા લોકો તે સાચી માને છે. એમને આ માન્યતામાંથી કેવી રીતે મુકત કરવા ?

એમને મુકત કરવાનું કાર્ય ખુબ મુશ્કેલ છે. આપણે રેશનાલીસ્ટોએ અને આવી કલ્પનાઓને જેઓ ખોટી માને એમણે પોતપોતાના વર્તુળમાં સલામતીની પુરી સાવચેતી રાખીને જે સત્ય છે તે સમજાવવાની કોશીશ કરવી. ઈતીહાસ એવું કહે છે કે આવા નાના નાના પ્રયત્નો કેટલીકવાર ચીનગારીમાંથી મોટી પ્રકાશજયોત બની જાય છે. એ આશાવાદે રેશનાલીસ્ટોએ પ્રયત્નો જારી રાખવા. (સુ.)

---

**‘સત્યાન્વેષણ’નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# ડો. સુષ્મા અય્યર – પરીચય

નામ - ડો. સુષ્મા સીતારામન અય્યર

જન્મ સ્થળ : સુરત

અભ્યાસ - એમ. ડી. (ગાઈનેકોલોજીસ્ટ, કોવીડ વર્ધા)

અભીરુચી - સાહીત્ય લેખન, સ્વીમીંગ, ચીત્રકારી, પર્વતારોહણ, સંવાદ, સમાચારપત્રામાં ચર્ચાપત્રો, લેખન, સામાજીક, મનોવૈજ્ઞાનીક સ્વાસ્થ્ય અને રેશનાલીઝમનું જીવનમાં પાલન.

વીશીષ્ટ ઉપલબ્ધીઓ :

૧. વીશેષ યોગ્યતા તથા સ્વર્ણચંદ્રકો સાથે મેડીકલ ડીગ્રી

૨. સમાજ સેવા પ્રવૃત્તી, સાહીત્યસર્જન પ્રવૃત્તી, રેશનાલીઝમ સહીતની સાહીત્ય સર્જન પ્રવૃત્તી, બૌદ્ધીક તર્કબદ્ધ વીચારોની અભીવ્યકતી.

૩. અનેક વર્ષો ઝુંપડપટ્ટીમાં પ્રસુતાઓની નીઃશુલ્ક તપાસ તથા કેમ્પનું આયોજન.

૪. ઈન્ડીયન મેડીકલ એસોસીયેશનમાં અનેક પદ પર રહી સેવા પ્રદાન.

૫. સુરત ગાયનેક સોસાયટીમાં મંત્રી તથા પ્રમુખ (૨૦૧૨-૧૩) તરીકે સેવા.

૬. થાઈલેન્ડમાં ભારત તરફથી ‘એનીમીયા’ પર વ્યાખ્યાન.

૭. સ્વીમીંગ, પર્વતારોહણ, પેગ્લાઈન્ડીંગ, વાયરાફ્ટીંગમાં ખાસ ટ્રેનીંગ.

૮. અખીલ ભારતીય કવયત્રી સમ્મેલન

૯. પ્રગતીશીલ લેખક મંડળ, (દ. ગુજરાત)ના પ્રમુખ પદે હાલ કાર્યરત

૧૦. હાલ સત્યશોધક સભા સુરતમાં બીજી વખત મંત્રી પદ પર નીયુકત.

૧૧. હીન્દી, ગુજરાતી, અંગ્રેજી, રશીયન ભાષા પર પ્રભુત્વ તથા સાહીત્ય સર્જન

૧૨. સાહીત્ય યાત્રાનો બાળપણથી જ આરંભ થયો. ભાવનગરમાં ૧૯૬૪ માં પ્રથમ કવીતાનું શહેરના પ્રખ્યાત, વરીષ્ઠ કવીઓની રચના સાથે સંગ્રહમાં સ્થાન.

૧૩. સુરતના ગઝલકારોની સાથે ગઝલ સંગ્રહમાં રચના ને સ્થાન.

૧૪. દીલ્હીથી પ્રકાશીત બહુચર્ચીત ગઝલસંગ્રહ ‘ગઝલ દુષ્યન્ત કે બાદ’માં ગઝલોને સ્થાન.

૧૫. દેશ-વીદેશમાં અનેક કવી સમ્મેલનોમાં કાવ્ય પઠન તથા ભાવાનુવાદ. દરેક પ્રસંગે રેશનાલીઝમ અપનાવવાની હાકલ.

૧૬. સુરતમાં દર વર્ષ, વાઘ બારસ નીમીત્તે બહુભાવીય કવી સંમેલનમાં હમેશા રશીયન ભાષામાં કાવ્યપઠન તથા ભાવાનુવાદ.

પ્રકાશન, ધુપ કી ખુશ્બુ (કાવ્ય સંગ્રહ)

અનેક રચનાઓ પ્રકાશાધીન

પુરસ્કાર અને સમ્માન

૧. ભારત સ્કાઉટ-ગાઈડમાં પ્રેસીડેન્ટ ગાઈડ એવોર્ડ રાસ્ટ્રપતી શ્રી વી. વી. ગીરી દ્વારા

૨. ૨૦૨૨માં ગુંજન આર્ટ સંસ્થા દ્વારા આઉટસ્ટેન્ડીંગ સીટીઝન એવોર્ડ

૩. ઈન્ટરનેશનલ કોમનવેલ્થ એસોસીએશન યુ. કે. દ્વારા ૨૦૦૩માં ડો. બી. એ. રોય એવોર્ડ-સામાજીક કાર્યો માટે.

૪. ૨૦૦૭ માં હીન્દી ડાયસ્પોરાના હીન્દી આંતર રાષ્ટ્રીય સમ્મેલનમાં શ્રી નીતીશકુમારના અધ્યક્ષપણે મોરેશીયસમાં કાવ્ય પઠન, સન્માનપત્ર.

૫. અખીલ વીશ્વ હીન્દી સમીતી ન્યુયોર્ક (ય.એસ.એ.) ના આંત્રરાષ્ટ્રીય અધ્યક્ષ ડો. દાઉજી અને અમેરીકન હીન્દી સમીતી, ન્યુયોર્કના અધ્યક્ષ ડો. વીજય મહેતા દ્વારા સાહીત્ય ગૌરવ સ્મૃતી ચીન્હ તથા સમ્માનપત્ર, ન્યુયોર્કમાં કાવ્ય પઠન.

૬. ઈન્ડીયા હાઉસ, લંડનમાં ભારતીય  દુતાવાસમાં સાહીત્ય ભાષીય સમ્માનતાના કાવ્ય પઠન.

૭. ગીતાંજલી બહુભાષીય સાહીત્યીક સંસ્થા બર્મીંગહમ યુ.કે.માં સમ્માનપત્ર પ્રાપ્ત તથા કાવ્યપઠન.

૮. થાઈલેન્ડ, સીંગાપોર, મલેશીયામાં અનેક સાહીત્ય સંસ્થાઓમાં કાવ્યપઠન.

૯. શીલોંગ, મેઘાલયમાં 'ધુપ કી ખુશ્બુ' કાવ્ય સંગ્રહને પુરસ્કાર તથા શ્રી કૃષ્ણકાંત જૈન સ્મૃતી પુરસ્કાર.

૧૦. હીન્દી સાહીત્ય પરીષદ અમદાવાદ દ્વારા વાર્તા 'નીમો'ને ગુજરાતના તત્કાલીન રાજયપાલ મ. મ. કમલાદેવી દ્વારા રજતચંદ્રક પ્રાપ્ત.

૧૧. હીન્દી સાહીત્ય પરીષદ. અમદાવાદ દ્વારા વાર્તા 'સખી' ને પ્રથમ પુરસ્કાર.

૧૨. સાહીત્ય-સાંસ્કૃતીક કલા સંગમ પરીયાવા, પ્રતાપનગર (ઉ. પ્ર.) દ્વારા સાહીત્ય સેવા માટે 'સુખી સરસ્વતી સીંહ સ્મૃતી સમ્માન'-૨૦૧૨.

૧૩. Alpe, ૧૧માં મહાસંમેલન, વડોદરા માં ૨૦૧૧ માં 'ધુપ કી ખુશ્બુ'ને સ્પેશ્યલ એવોર્ડ.

૧૪. દેશ-વીદેશમાં મેડીકલ સહીત અનેક વીષયો પર વ્યાખ્યાન આપ્યું.

૧૫. ૨૦૧૭ માં તત્કાલીન મ. મ. રાજયપાલ દ્વારા વાર્તાસંગ્રહ 'સુગંધા' ને દુબઈની આંતરરાષ્ટ્રીક સંસ્થાનો પુરસ્કાર, ગાંધીનગરમાં એનાયત.

૧૬. હીન્દી સાહીત્ય એકેડેમી દ્વારા 'સુગન્ધા'ને ઉત્તમ પુસ્તક-વાર્તા સંગ્રહનો પુરસ્કાર ૨૦૧૭માં.

૧૭. બે વખત ગોધરા રેશનાલીસ્ટ એસોસીયેશનની સભાઓમાં હાજરી તથા વ્યાખ્યાન

૧૮. અનેક શાળાઓ, કોલેજો, સંસ્થાઓમાં મેડીકલ તથા વૈજ્ઞાનીક અભીગમ, નારી શકતી, રેશનાલીઝમ પર વ્યાખ્યાનો.

**વીદેશ પ્રવાસો**

(૧) નેપાળ, શ્રીલંકા, રશીયા, હોલેન્ડ, પોલેન્ડ, જર્મની, યુક્રેન, ઉજવેકીસ્તાન, અરમેનીયા, બેલારૂસ, લાતવીયા દ્વારા યુગોસ્લેવીયા (તાકકાવીલ), ઈટલી, હંગેરી, ઓસ્ટ્રેલીયા, મોરેશીયસ, સીંગાપોર, મલેશીયા, થાઈલેન્ડ, જયોર્જીયા, હોંગકોંગ, આમસ્ટરડેમ, ડેનમાર્ક, દુબઈ, અમેરીકા, યુ. કે., કેનેડા.

વૈજ્ઞાનીક અભીગમ રેશનાલીઝમ સાથેની જીવનશૈલી અને બહેતર જીવન માટેનો પ્રયાસ.

સરનામુ : **સુદીપ હોસ્પીટલ**

એચ થ્રી, સીટીલાઈટ રોડ, લાવણ્યા મોલની સામે, અશોકવન હાઉસ પાસે,

સુરત-૩૯૫ ૦૦૭. મો.-૯૪૨૬૧ ૦૪૪૩૯, ૭૮૬૨૦ ૪૧૯૧૯.

---

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

# સત્યશોધક  સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

## વીજ્ઞાન દીનની ઉજવણી

તા ૨૮ મી ફેબ્રુઆરી રાષ્ટ્રીય વીજ્ઞાન દીન તરીકે ઉજવાય છે. સત્યશોધક સભાએ તેની ઉજવણી **સુરતની પી. કે. મહીલા વીદ્યાલયમાં** કરી. ઉજવણીના ભાગ સ્વરુપ આચાર્યા મીતલબેન ચૌહાણે સૌનું સ્વાગત કર્યું. પ્રમુખ સુર્યકાન્ત શાહે જેમના નામે વીજ્ઞાન દીન ઉજવાય છે તે સી.વી.રામનને યાદ કરી એમને સ્ટીમરના ડેક પર ઉભા ઉભા પાણીના ભુરા રંગને જોયો, તેનાથી 'રમણ ઈફેકટ'ના સંશોધનનાં બીજ  વવાયાં તે જણાવ્યું. આગળ વધીને એમણે જણાવ્યું કે આ શોધને કારણે એમને મળેલા નોબલ પ્રાઈઝમાં રામનનો સતત સવાલ પુછવાનો અભીગમ હતો. ભુરા રંગનું પાણી તો લાખો કરોડો મુસાફરોને જોયું હતું. કોઈને સવાલ નહીં થયેલો કે, 'પાણી તો મુળમાં પારદર્શી છે, છતાં તે ભરું કેમ દેખાય છે ?' આમ સૌને પ્રશ્નો પુછતા રહેવાનો શાહે આગ્રહ કર્યો હતો.



ત્યારબાદ સૌ જેની ઉત્કંઠાપુર્વક રાહ જોતા હતા તે જાદવ વેકરીયાનો ચમત્કાર નીદર્શન કાર્યક્રમ શરુ થયો. એક કલાક સુધી હાથમાં સળગતા દીવાથી માંડી નારીયેળમાંથી ચુંદડી કાઢવાના કહેવાતા ચમત્કારો જાદવે બતાવ્યા. દરેક કહેવાતા ચમત્કારને અંતે એની પાછળનું વૈજ્ઞાનીક કારણ અને હાથની તરકીબ જાદવ સમજાવતા રહયા. વીદ્યાર્થીનીઓએ એમાં હોંશે હોંશે ભાગ લીધો. કોઈપણ 'ચમત્કાર'માં ભાગીદાર થવા માટે વીદ્યાર્થીનીઓ પરસ્પર જાણે હોંસાતોંસી કરતી હતી ! આ કાર્યક્રમ વીદ્યાર્થીનીઓની ભાગીદારીવાળો રહયો.

આ પ્રસંગે બોલતા અતુલભાઈ પાઠકજીએ જણાવ્યું કે આમાંથી પાંચ-દસ છોકરીઓ પણ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમને સમજે તો ઉજવણી સફળ થઈ ગણાય. સુગીત પાઠકજીએ સુર્યકાન્ત શાહના પ્રશ્ન પુછવાના દોરને પકડી વીદ્યાર્થીનીઓને આગ્રહ કર્યો હતો કે જાદવના પ્રયોગો બાદ સમજાવું જોઈએ કે પ્રશ્નો કરવાથી કેટલું બધું નવું નવું સમજાય છે ! સમગ્રકાર્યક્રમ દરમીયાન આચાર્યા મીતલબેન ચૌહાણએ વીદ્યાર્થીનીઓને પોરસ ચઢાવવાનું કાર્ય સતત કર્યે રાખ્યું હતું. આમ આચાર્યા પણ કાર્યક્રમના ભાગીદાર બની ગયા હતા ! ત્યારબાદ શાળાની વીદ્યાર્થીનીઓના નાના પણ સહેલાઈથી વીજ્ઞાનના સંદેશ આપતા પ્રદર્શનને સૌએ નીહાળ્યું હતું. વીદ્યાર્થીનીઓની વીકસેલી શકતીને જોઈને સૌને આનંદ થયો હતો. અલ્પાહાર બાદ સૌ છુટા પડયા હતા.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of posta

# હોકીંગનો વેધક સવાલ

આપણે રેશનાલીસ્ટો હમેશ કહેતા આવ્યા છીએ કે બુધ્ધી પર વીવેકની લગામની ખુબ જરુર છે. વીવેક એટલે સારાં-નરસાંનો ભેદ પાડી સારાંની તરફદારી કરવી તે. 'સારુ'ના કેન્દ્રમાં માણસ અને માણસ જ હોય છે. માણસના કુલ આનંદમાં વધારો કરતા પ્રયત્નો એટલે વીવેકબુદ્ધીના પ્રયત્નો અને તે માટે વીવેકપુર્વક બુદ્ધીનો થતો ઉપયોગ. આ જ વીવેકબુદ્ધીને કેન્દ્રમાં રાખીને હોકીંગે રાજકારણીઓ અને વૈજ્ઞાનીકોને વેધક સવાલ પૂછેલો, 'સ્વયંસંચાલીત શસ્ત્રોનો આગ્રહ રાખતા રાજકારણીઓ અને તેમની આ મેલી મુરાદને સીદ્ધ કરવા માટે સંશોધનો કરી આપતા વૈજ્ઞાનીકોને મારે પુછવાનું થાય છે કે, 'આ પ્રકારની શસ્ત્ર-સ્પર્ધાનો આખરી અંજામ શું આવશે અને તે શું માનવજાત માટે ઈચ્છનીય છે ?' આમ સાચે જ હોકીંગ એક વૈજ્ઞાનીક હોવા ઉપરાંત નખશીખ રેશનલ હતા. ઈ.સ. ૨૦૧૦માં શેરબજારમાં આવેલ કટોકટીનો દાખલો આપતા હોકીંગે પોતાના આ સવાલના ટેકામાં જણાવેલું કે આવેલી એ કટોકટીનું મુખ્ય કારણ કોમ્પ્યુટરના ઉપયોગથી શેરબજારની વેપારી પદ્ધતીમાં સ્વયંસંચાલન દાખલ થયેલું કે જેનો કેટલાકોએ ખુબ સરળતાથી દુરુપયોગ કરેલો. આવું જ સ્વસંચાલીત શસ્ત્રો બનાવવામાં વધુ ને વધુ કરવામાં આવતાં સંશોધનો એક દીવસ કરશે. આખી માનવજાતને સાફ કરશે. અત્યારે યુક્રેન પર રશીયા જે સ્વયંસંચાલીત શસ્ત્રોનો મારો ચલાવે છે તે હોકીંગને સાચા પાડે છે.

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**